# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-07-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAIN OVARALL

દક્ષિણ ગુજરાતનાં સુરત, નર્મદા, અને ભરૂચ સહિત  મોટાં ભાગનાં જિલ્લામાં આજે સવારથી  મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. ભારે વરસાદના પગલે  મોહન અને વીરા સહિતની સ્થાનિક નદીઓ બંને કાંઠે વહેતી થઇ છે.

સુરતના  ઉમરપાડા તાલુકામાં સવારે છ થી 12 વાગ્યા દરમિયાન સૌથી વધુ  14 ઈંચ વરસાદ વરસ્યો છે.  અમારા સુરતના પ્રતિનિધિ લોપા દરબારના જણાવ્યા અનુસાર ભારે વરસાદના કારણે સુરત જિલ્લામાં ઉમરપાડામાં જળબંબાકાર જેવી સ્થિતિ ઉભી થતાં જનજીવન ખોરવાઈ ગયું હતું.

નર્મદા જિલ્લાના સાગબારા, ડેડીયાપાડા, તીલકવાડા  સહિત રાજપીપળા શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જિલ્લામાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ છે. રાજપીપળા દેડીયાપાડા રોડ પર આવેલ ચાલ બિતાડા ગામ પાસે નાળું તૂટી જતાં મુખ્ય માર્ગનો વાહન વ્યવહાર સદંતર બંધ કરાયો  છે.  અને પુલ તૂટી જતા સ્થાનિક ગ્રામજનો સંપર્ક વિહોણા થયા છે.

નર્મદા જિલ્લાનું  તાલુકાનું લાછરસ ગામ બેટમાં ફેરવાયું ગયું હતું. ડેડીયાપાડાનાં ગારદા અને મોટા જાંબુડા વચ્ચે આવેલી મોહન નદીમાં ઘોડાપૂર ની સ્થિતિ સર્જાઇ છે. ઉપરવાસમાં ભારે વરસાદ ને કારણે નવો બનાવેલ મોટો બ્રિજ પણ પાણીમાં ગરકાવ થઈ ગયો છે.

ગારદા અને મોટા જાંબુડામાં નદી કિનારે આવેલ ખેતરો માં પાણી ફરી વળતા ખેડૂતોને ભારે નુકશાન ની ભીતિ છે.  નર્મદા ડેમ અને કરજણ ડેમની સપાટીમાં પણ સતત વધારો થતા ડેમ સત્તાવાળાઓ ચાંપતી નજર રાખી

રહ્યાં છે. બીજી તરફ નાંદોદ તાલુકાના માંગરોળ ગામમાં પણ પાણી ફરી વળ્યા હતા. ભારે વરસાદને કારણે ઘરોમાં પાણી ઘુસી જતા લોકો મુશ્કેલીમાં મુકાયાં હતા.

ભરૂચ નર્મદાની જીવાદોરી ગણાતા કરજણ ડેમમાં સીઝનમાં પહેલી વાર ડેમમાં પાણીની આવક થતા ડેમના ત્રણ ગેટ ખોલવામાં આવ્યા છે. ઉપરવાસમાં ડેડીયાપાડા અને સાગબારામાં 6 ઇંચ જેટલો ભારે વરસાદ પડતાં કરજણ ડેમમાં પાણીની આવક સતત વધી રહી છે. આજે સવારે 11 વાગે ડેમની સપાટી 105.72 મીટર પહોંચી હતી. કરજણ ડેમમાંથી 30 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેને કારણે કરજણ નદી બે કાંઠે વહી રહી છે. 9 ગામો ને સાવચેતી ના ભાગ રૂપે એલર્ટ કરાયા છે.

છોટાઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, જિલ્લામાં ચારથી પાંચ દિવસના વિરામ બાદ વરસાદ આવતાં ઠંડક પ્રસરી છે. જિલ્લાના રાઠ અને ઝોઝ વિસ્તારમાં ગઈકાલે રાત્રે ભારે વરસાદ વરસતાં  આણી નદીમાં નવા નીર આવ્યા છે.

અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે કે, મોડાસામાં મધરાત્રિએ એક કલાકમાં સાડા ત્રણ ઈંચ વરસાદ વરસતા શહેરના ચાર રસ્તા સહિત નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. જ્યારે માલપુરમાં વહેલી સવારે વરસાદ થતાં રાજમાર્ગ પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ગોહિલવાડ પંથકમાં વરસાદની આગાહીની વચ્ચે માત્ર ભાવનગર, ઘોઘા, પાલીતાણા અને તળાજા પંથકમાં વરસાદી ઝાપટાં જ વરસ્યા છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો 29.48 ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં અત્યાર સુધીમાં સરેરાશ મોસમી વરસાદના 30 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, સવારે 6 વાગ્યાથી 12 વાગ્યા સુધી 51 તાલુકામાં વરસાદ નોંધાયો. આમાંથી સૌથી વધુ 14 ઈંચ વરસાદ સુરતના ઉમરપાડા તાલુકામાં, જ્યારે ભરૂચના નેત્રંગમાં સાત, નર્મદાના ગરૂડેશ્વરમાં 6, નાંદોદમાં પાંચ અને તિલકવાડામાં ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે.

અમદાવાદમાં બપોરે 12 વાગે ગાજવીજ સાથે વરસાદ નોંધાતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઇ ગયા હતા. અમદાવાદના મીઠાખળી અંડરપાસને બંધ કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## VIRPUR- PASHU NU MOT

મહિસાગર જિલ્લાના વિરપુર કોયડમ પેટી જાંબુડી ખાતે વીજળી પડતા એક પશુનું મોત નિપજ્યું હતું.

વીજળી પડતા ઘરની અંદર લગાવેલાં બોર્ડ સહિત સ્વીચ અને વાયર વીજ ઉપકરણોને નુકસાન થયું હતું. જો કે, ઘરમાં રહેતા તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો.

-----------------

# RUSHIKESH PATEL - CHANDIPURAM

રાજ્યમાં ચાંદીપુરમ વાઇરસના વધતા કેસોને પગલે રાજ્ય સરકારે ત્વરિત કાર્યવાહી શરૂ કરી છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમા જણાવ્યું કે ચાંદીપુરમ વાઇરસ એટલે કે એન્કેફેલાઇટીસ રોગના કેસો ઝડપથી વધી રહ્યા છે. વરસાદી ઋતુમાં રેત માંખ કરડવાથી થતો આ રોગ સામાન્ય રીતે 9થી 14 વર્ષના બાળકોમાં જોવા મળી રહ્યો છે. વાઇરસના પરીક્ષણ માટે નમૂના પુણેની લેબોરેટરીમાં તપાસ માટે મોકલાયા છે. આગામી બારથી પંદર દિવસમાં તેમના પરિણામ અપેક્ષિત છે. ચાંદીપુરમના 6 શંકાસ્પદ દર્દીઓના મોત થયા હોવાનું આરોગ્યમંત્રીએ જણાવ્યું. જોકે નમૂના તપાસ બાદ જ જાણી શકાશે કે તેઓ આ વાઇરસથી સંક્રમિત હતા કે નહીં.

રાજ્યના આરોગ્ય વિભાગે આગોતરા પગલાના ભાગ રૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન તપાસ શરૂ કરી છે. અત્યાર સુધીમાં કુલ 4,487 ઘરોમાં 18 હજાર, 646 લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી છે. જ્યારે 2 હજાર, 93 ઘરોમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો છે.

ઉલ્લેખનીય છે કે દેશમાં 1965માં ચાંદીપુરમ વાઇરસનો સૌ પ્રથમ કેસ નોંધાયો હતો. ગ્રામીણ વિસ્તારોમાં બાળ દર્દીઓમાં ઉંચો તાવ, ઉલ્ટી, ઝાડા, માથાનો દુખાવો, અને ખેંચ જેવા પ્રાથમિક લક્ષણો જોવા મળે તેવી સ્થિતિમાં ડૉક્ટરનો સંપર્ક કરવાની સલાહ આરોગ્ય વિભાગે આપી છે.

----------------------------

## SABARKANTHA CHANDIPURA CASE

સાબરકાંઠા જિલ્લાની હિમ્મતનગર સિવિલ હૉસ્પિટલમાં શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસથી વધુ એક બાળકનું મોત નીપજ્યું હોવાના અહેવાલ છે.

સાબરકાંઠાના અમારા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે, પોશીના તાલુકાના નાડામાં ત્રણ વર્ષના બાળકને શંકાસ્પદ વાયરસનો ચેપ લાગતાં તેમને ગઈકાલે સવારે સિવિલ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સિવિલ હૉસ્પિટલમાં ૪ કલાકની સારવાર દરમિયાન બાળકનું મોત નીપજ્યું હતું. આ સિવિલ હૉસ્પિટલમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ ૪ કેસમાંથી 5 બાળકના મૃત્યુ થયાં છે. જ્યારે ૩ બાળક સારવાર હેઠળ છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ અને ભિલોડા તાલુકાના અંદાજે ત્રીસથી વધારે ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ કામગીરી પુરજોશમાં ચાલુ છે.

-----------------------

## GUJRAT ACCIDENT

આણંદ નજીક અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર આજે વહેલી સવારે થયેલા એક માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થયા અને છ થી વધુ ઇજાગ્રસ્ત થયા છે.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે ચિકોરા ગામ નજીક એક ટ્રક બસ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આણંદ ગ્રામ્ય પોલીસના જણાવ્યા અનુસાર બસના ચાલક સહિત પાંચ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે એક વ્યક્તિનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ઇજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે. મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે.

------------------